વર્ષ ૨૦૨૬-૨૭

નવી બાબત

રૂ. ૧.૦૦ કરોડ

રાજ્યના પશુઓમાં IVF ગર્ભધારણ માટે સહાયની યોજના

ગુજરાત સરકાર

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

ઠરાવ ક્રમાંક : ACD/PAO/e-file/2/2026/0108/P1 Section - AH Schemes

સચિવાલય, ગાંધીનગર

**વંચાણે લીધા:-**

(૧) નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DOAH/NEW/e-file/304/2025/3578/Livestock, Dt: 22/12/2025

(૨) નિયામકશ્રી, પશુપાલનની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક: DOAH/NEW/e-file/304/2025/3578/Livestock, Dt: 05/03/2026

**આમુખ:-**

રાજ્યની પશુઓલાદમાં ઝડપી આનુંવંશીક સુધારો લાવવા અને વધુ ઉત્પાદન આપતી સ્થાનિક ઓલાદની જાળવણી માટે ઇંનવિટ્રો ફર્ટીલાઇઝેશન (IVF) અને એમ્બ્રીઓ ટ્રાન્સફર (ET) ટેક્નોલોજીનો ઉપયોગ જરૂરી છે. સામાન્ય રીતે માદા પશુ પુખ્ત ઉંમર બાદ દર વર્ષે એક બચ્ચાને જન્મ આપે છે. IVF- ET ટેક્નોલોજીમાં ઉચ્ચ આનુંવંશીક ગુણવત્તા ધરાવતી ડોનર માદા પશુમાંથી વધુ સંખ્યામાં અંડકોષ મેળવી, પ્રયોગશાળામાં ફલીનીકરણ કરી, મળેલા ભ્રુણને સામાન્ય રીસીપીયન્ટ માદા પશુમાં પ્રત્યારોપીત કરવામાં આવે છે. જેથી ઉચ્ચ આનુંવંશીક ગુણવત્તા ધરાવતી ડોનર માદા પશુમાંથી પ્રતિ વર્ષ ૧૨ થી ૨૦ જેટલા બચ્ચાઓ મેળવી શકાય છે. આમ, આ ટેક્નોલોજીના ઉપયોગથી ઉચ્ચ આનુવંશિક ગુણવત્તા અને વધુ દુધ ઉત્પાદન ધરાવતા માદા પશુઓનો મહત્તમ ઉપયોગ થશે. અને આડકતરી રીતે વધુ દુધ ઉત્પાદન અને સારી આનુવંશિક ગુણવત્તા ધરાવતા બચ્ચાઓ પશુપાલકોને મળવાથી તેઓની આવકમાં વધારો થશે. પશુપાલકો આ અત્યાધુનિક તકનિક નો ઉપયોગ કરી ટુંકા સમયમાં સારી ઓલાદના પશુઓ મેળવી શકે તેમજ પશુપાલકોમાં આ યોજનાનો પ્રચાર પ્રસાર તે માટે પ્રોત્સાહન સ્વરૂપે પશુપાલકોને નાણાંકીય સહાય આપવાના હેતુથી આમુખ (૧) અન્વયેના પશુપાલન નિયામકશ્રીની કચેરીના પત્રથી નવી બાબતની દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી. વર્ષ ૨૦૨૬-૨૭ ના કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગના અંદાજપત્રમાં આ નવી બાબત માટે રૂ. ૧.૦૦ કરોડ (કુલ અંકે રૂપિયા એક કરોડ પુરા) ની નાંણાકીય જોગવાઇ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ આમુખ (૨) હેઠળના નિયામકશ્રી, પશુપાલનની કચેરીના પત્રથી આ નવી બાબત માટે અંદાજપત્રમાં કરવામાં આવેલ નાણાંકીય જોગવાઇ રૂ. ૧.૦૦ કરોડ (કુલ અંકે રૂપિયા એક કરોડ પુરા) ની વહીવટી મંજૂરી મેળવવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાના અંતે રૂ. ૧.૦૦ કરોડ (કુલ અંકે રૂપિયા એક કરોડ પુરા)ની અંદાજપત્રીય જોગવાઇ ધરાવતી આ નવી બાબતને અંદાજપત્રીય જોગવાઈની મર્યાદામાં નીચે દર્શાવેલ નાણાકીય જોગવાઇ તથા શરતો-બોલીઓ તેમજ આ ઠરાવના પરિશિષ્ટમાં નિર્દિષ્ટ શરતો-બોલીઓને આધીન વર્ષ ૨૦૨૬-૨૭માં નવી બાબત તરીકે વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

યોજનાનુ નામ : રાજ્યના પશુઓમાં IVF ગર્ભધારણ માટે સહાયની યોજના

જોગવાઇ : રૂ. ૧.૦૦ કરોડ (કુલ અંકે રૂપિયા એક કરોડ પુરા)

લક્ષ્યાંક : ૧૦૦૦ સફળ ગર્ભધારણ

**શરતો અને બોલીઓ:-**

1. આ વહીવટી મંજુરી અન્વયે તા.૦૧/૦૪/૨૦૨૬ પછી ખર્ચ કરવાનો રહેશે. નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલ વહીવટી મંજૂરીની શરતોમાં નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકાશે નહીં અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી વિભાગની રહેશે
2. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

2. ઓનલાઇન અરજીનું કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
3. સાધન અથવા કીટ આપવાના કિસ્સામાં GeM મારફતે ખરીદી ની જોગવાઇ કરવાની રહેશે.
4. વિભાગે નાણાકિય સહાય માટે નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી /DBT Portal /C.M Dash Board અપનાવવાનું રહેશે.
5. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
6. Social Audit અને Third Party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
7. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
8. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

9. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
10. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
11. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
12. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
13. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
14. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
15. સદર વહીવટી મંજુરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનો ખર્ચ નીચે દર્શાવેલ બજેટ સદરે ઉધારવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નંબર: | ૪ |
| સેક્ટર : | ગ-આર્થિક સેવાઓ |
| સબ સેક્ટર: | (ક) કૃષિ અને સંલગ્ન પ્રવૃતિઓ |
| મુખ્ય સદર: | ૨૪૦૩ - પશુપાલન |

ગૌણ સદર: ૧૦૨ – પશુ અને ભેંસ વિકાસ
પેટા સદર: ૦૬: એ.એન.એચ-૭: પશુધન સુધારણા અને સંરક્ષણ

નાણાં વિભાગ અને વિભાગની બજેટ શાખા દ્વારા ગ્રાન્ટની ફાળવણીના હુકમો કરવામાં આવે, તદનુસાર પશુપાલન નિયામકની કચેરીએ ખર્ચ કરવાનો રહેશે તથા નાણાં વિભાગના વખતો વખતના અદ્યતન ઠરાવ વિગેરે સંબંધિત તમામ સૂચનાઓને પણ ધ્યાને લઈને ખર્ચ કરવાની કાળજી રાખવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણાં વિભાગની તા.૦૧/૦૪/૨૦૨૬ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

પ્રિયંકા ચૌધરી
સેકશન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

<u>બિડાણઃ-</u> પરિશિષ્ટ-૧

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (પશુપાલન)ના અંગત સચિવશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પશુપાલન નિયામકશ્રી, ગુ.રા., કૃષિ ભવન, ગાંધીનગર
- ઉપમહાલેખાકારશ્રી (ES-1), એકાઉન્ટ જનરલ, અમદાવાદ (E&RS Audit) ગુજરાત, ત્રીજો માળ, ઓડિટ ભવન, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦૦૦૯
- સેક્શન અધિકારીશ્રી, (આઈ.ટી.સેલ), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મુકવાની વિનંતી સહ.
- વહીવટી અધિકારીશ્રી, પશુપાલન નિયામકશ્રીની કચેરી, કૃષિ ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- સંબંધિત જિલ્લા પંચાયતો (મારફતે પશુપાલન નિયામક)
- સંબંધિત જિલ્લા તિજોરીઓ તમામ
- કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની બજેટ શાખા, પ.૨, અ. અને નાણાં શાખા
- પસંદગી ફાઈલ

**<u>પરિશિષ્ટ-૧</u>**

**રાજ્યના પશુઓમાં IVF ગર્ભધારણ માટે સહાયની યોજના વર્ષ ૨૦૨૬-૨૭**

**શરતો અને બોલીઓ:-**

1. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં તેમજ અંદાજપત્રિય જોગવાઈની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે.
2. આ યોજનાનું અમલીકરણ પશુપાલન ખાતા દ્વારા ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (GCMMF), આણંદ મારફતે કરવાનુ રહેશે.
3. આ યોજનાનો લાભ રાજયના તમામ જિલ્લાના પશુપાલકોને મળવાપાત્ર થશે.
4. વિવિધ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ અથવા ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશન અથવા કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં ET-IVF કરાવેલ હોય તેવા તમામ પશુપાલકોને સહાય મળવાપાત્ર છે.
5. જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા IVF થી ગર્ભધારણ થયેલ પશુઓના માલિકોની માહિતી જરૂરી આધાર પુરાવા સાથે, જિલ્લા કક્ષાની કમિટીની ભલામણ સહ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન મારફતે સહાય માટે પશુપાલન ખાતાને દરખાસ્ત કરવાની રહેશે.
6. જીલ્લા કક્ષાની કમિટી:
   1. જીલ્લા પંચાયતના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- અધ્યક્ષ
   2. જીસીએમએમએફ/જીલ્લા દૂધ સંઘ દ્વારા નિયત થયેલ અધિકારીશ્રી -- સભ્ય સચિવ
   3. રાજ્ય કક્ષાની કચેરીના નાયબ/મદદનીશ પશુપાલન નિયામકશ્રી -- સભ્ય

સદર કમીટીની કામગીરી નીચે મુજબની રહેશે.

1. રજુ કરવામાં આવેલ દાવાઓની ચકાસણી કરવી.
2. પશુચિકિત્સા અધિકારીઓ દ્વારા પશુ ગાભણ હોવાનુ રેકર્ડ આધારીત વેરીફીકેશન કરાવવું.
3. સહાયના દાવાઓની ચકાસણી કરી સહાય ચૂકવણાની ભલામણ કરવી.

7. યોજનાની જોગવાઈની મર્યાદામાં સહાયની રકમ ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશનને ફાળવવામાં આવશે. સહાયની તમામ રકમ લાભાર્થીના બેન્ક એકાઉન્ટમાં જ (Direct Benefit Transfer) જમા કરાવવાની રહેશે.
8. ગુજરાત કો-ઓપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન, આણંદ દ્વારા ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો (યુ.ટી.સી.) નિયત નમૂનામાં સમયસર પશુપાલન નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલવાના રહેશે.
9. સદર યોજના અંતર્ગત તા.૦૧.૦૪.૨૦૨૬થી ગાય અને ભેંસ વર્ગના પશુઓમાં ET-IVF કરાવેલ હોય તેવા તમામ પશુપાલકોને રૂ.૧૦,૦૦૦/- પ્રતિ ગર્ભધારણ સહાય આપવામાં આવશે. તે ઉપરાંત વધારાની કોઈ સહાય મળવાપાત્ર નથી.
10. યોજનાના સુચારૂ અમલીકરણ અંગેની સર્વ સત્તા તથા યોજનાના અમલીકરણમાં જરૂર જણાય તે મુજબ શરતો અને બોલીઓમાં સુધારા વધારા કરવાની સત્તા પશુપાલન નિયામકશ્રીને રહેશે, જે તમામ લાભાર્થીને બંધનકર્તા રહેશે.

Signature Not Verified
Signed by:priyanka chaudhary
Section Officer
Date:2026.04.01
18:05:24 +5:30